ISSN 2454-8596
www.vidhyayanaejournal.org

VIDHYAYANA

An International Multidisciplinary Research e-Journal

# પોરબંદર જિલ્લાની આર્થિક બાબતોનો એક અભ્યાસ

હાજા ડી ઓડેદરા

એમ. એ.,એમ.ફિલ

VIDHYAYANA

## ૧. પ્રસ્તાવના:

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જન્મ સ્થળ તરીકે પોરબંદર વિશ્વમાં પ્રખ્યાત છે. તેને સુદામાપુરી તરીકે પણ ઓળખવામાં આવે છે. ૨ ઓક્ટોબર 1997ના રોજ જૂનાગઢ જિલ્લાનું વિભાજન થતા પોરબંદર એક અલગ જિલ્લા તરીકે અસ્તિત્વમાં આવ્યો, પોરબંદર જિલ્લાનો દરિયાકિનારો 106 કિલોમીટર લાંબો છે. પોરબંદર જિલ્લાનો ભૌગોલિક વિસ્તાર 2272 ચોરસ કિલોમીટરનો છે. પોરબંદર જિલ્લા ત્રણ તાલુકામાં વિભાજીત કરવામાં આવેલો છે, જેમાં પોરબંદર, રાણાવાવ અને કુતિયાણાનો સમાવેશ થાય છે. તેમજ કેટલીક આર્થિક બાબતો જોઈએ તો પોરબંદર જિલ્લામાં ખેતી ક્ષેત્રમાંથી મુખ્ય આવકો પ્રાપ્ત થતી હતી. અને ખેતી ઉપરનો કર મહેસુલ ગણતો. ઔદ્યોગિક ક્ષેત્રની વાત કરવામાં આવે તો પોરબંદર જિલ્લામાં વર્તમાન સ્થિતિએ કુલ ૧૭૩ એકમો રૂપિયા 4720 લાખના મૂડીરોકાણ અને 997 રોજગારી સાથે નોંધાયા હતા. સેવા ક્ષેત્રની વાત કરવામાં આવે તો પોરબંદર જિલ્લામાં 58 રાષ્ટ્રીયકૃત બેંકો, ૬ સહકારી બેંકો, 3 જમીન ધીરાણ બેંકો, 17 ગ્રામીણ બેંકો તથા ૯ ખાનગી બેંકો આવેલી છે. પોરબંદર જિલ્લાની આર્થિક બાબતો આવી જોવા મળે છે.

## ૨. સમસ્યા કથન:

પોરબંદર જિલ્લાની આર્થિક બાબતોમાં ઘણી બધી વિવિધતા જોવા મળે છે. પોરબંદર જિલ્લાની મોટાભાગની વસ્તી કૃષિક્ષેત્ર સાથે જોડાયેલી જોવા મળે છે. છતાં પણ કૃષિક્ષેત્રે ઘણી બધી સમસ્યાઓ જોવા મળે છે અને ઉદ્યોગ ક્ષેત્રનું પ્રમાણ નહિવત જોવા મળે છે તેમજ સેવા ક્ષેત્રનો મધ્યમ પ્રમાણમાં વિકાસ થયેલો જોવા મળે છે તેનો વિસ્તૃત અભ્યાસ કરવામાં આવ્યો છે.

## 3 સંશોધન અભ્યાસના હેતુઓ:

-ગુજરાત રાજ્યના સંદર્ભમાં પોરબંદર જિલ્લાના કૃષિક્ષેત્રનો અભ્યાસ કરવો.

-ગુજરાત રાજ્યના સંદર્ભમાં પોરબંદર જિલ્લાની ઔદ્યોગિક બાબતોનો અભ્યાસ કરવો.

-પોરબંદર જિલ્લાના સાક્ષરતા ક્રમાંકનો અભ્યાસ કરવો.

## ૪. સંશોધન અભ્યાસ પદ્ધતિ:

પ્રસ્તુત સંશોધનમાં વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ દ્વારા અભ્યાસ કરવામાં આવ્યો છે અને ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## ૫. સંશોધનનું અભ્યાસ ક્ષેત્ર:

પ્રસ્તુત સંશોધન અભ્યાસ પોરબંદર જિલ્લાની કેટલીક આર્થિક બાબતો એવો પસંદ કરવામાં આવ્યો છે.

## ૬. સંશોધન અભ્યાસ નું મહત્વ:

પોરબંદર જિલ્લાની કેટલીક આર્થિક માહિતી વિવિધ સંસ્થાઓ અને સરકારને સહેલાઈથી જાણવા માટે આ સંક્ષિપ્ત અભ્યાસ મહત્વનો બની રહેશે.

## ૭. માહિતી વિશ્લેષણ અને એકત્રીકરણ:

**ગુજરાત રાજ્યના સંદર્ભમાં પોરબંદર જિલ્લાની કૃષિ માહિતી**

| ક્રમ | વિગત | એકમ | વર્ષ | પોરબંદર | ગુજરાત | જિલ્લાનો હિસ્સો (%) |
|---|---|---|---|---|---|---|
| ૧ | ખેડૂત | હજારમાં | ૨૦૧૨-૧૩ | ૬૫ | ૫૪૪૭ | ૧.૧૯ |
| ૨ | ખેતમજૂરો | હજારમાં | ૨૦૧૨-૧૩ | ૪૮ | ૬૮૩૯ | ૦.૭૦ |
| ૩ | એકંદરે વાવેતર વિસ્તાર | ૦૦ હેક્ટર | ૨૦૦૩-૦૪ | ૧૩૪૦ | ૧૦૭૩૩૬ | ૧.૨૫ |
| ૪ | ચોખ્ખો વાવેતર વિસ્તાર | ૦૦ હેક્ટર | ૨૦૦૩-૦૪ | ૧૧૯૪ | ૯૬૨૧૭ | ૧.૨૪ |
| ૫ | ચોખ્ખો સિંચિત વિસ્તાર | ૦૦ હેક્ટર | ૨૦૦૩-૦૪ | ૧૩૫ | ૨૯૯૪૪ | ૦.૪૫ |
| ૬ | એકંદરે સિંચિત વિસ્તાર | ૦૦ હેક્ટર | ૨૦૦૩-૦૪ | ૧૩૮ | ૩૫૭૨૮ | ૦.૩૯ |
| ૭ | ખેડવા લાયક પડતર જમીન | ૦૦ હેક્ટર | ૨૦૦૩-૦૪ | ૪૭ | ૧૯૬૦૦ | - |

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA An International Multidisciplinary Research e-Journal

**સ્ત્રોત :જિલ્લાની સામાજિક આર્થિક સમીક્ષા ૨૦૧૭-૧૮,પોરબંદર**

ઉપરોક્ત ગુજરાત રાજ્યના સંદર્ભમાં પોરબંદર જિલ્લામાં કૃષિ વિષયક માહિતી આપવામાં આવી છે. ગુજરાતના કુલ ખેડૂતોમાંથી પોરબંદર જિલ્લામાં ૧.૧૯% ખેડૂતો જોવા મળે છે. ગુજરાતના કુલ ખેતમજુરોમાંથી ૦.૭૦% ખેતમજૂરો પોરબંદર જિલ્લામાં જોવા મળે છે. ત્યારબાદ ગુજરાત રાજ્યની સરખામણીમાં પોરબંદર જિલ્લામાં એકંદર વાવેતર વિસ્તાર ૧.૨૫ % અને ચોખ્ખું વાવેતર વિસ્તાર 1.24% જોવા મળે છે. સિંચાઈની વાત કરીએતો ગુજરાત રાજ્યના સંદર્ભમાં પોરબંદર જિલ્લામાં ચોખ્ખો સિંચીત વિસ્તાર ૦.૪૫% અને એકંદર સિંચીત વિસ્તાર 0.39% જોવા મળે છે. કૃષિની બાબતમાં ગુજરાત રાજ્યના સંદર્ભમાં પોરબંદર જિલ્લાની આવી સ્થિતિ જોવા મળે છે.

**ગુજરાત રાજ્યના સંદર્ભમાં પોરબંદર જિલ્લાની ઉદ્યોગ માહિતી**

| ક્રમ | વિગત | પોરબંદર જિલ્લાના એકમો | ગુજરાતના કુલ એકમો |
|---|---|---|---|
| ૧ | લઘુ ઉધોગો | ૮૪ | ૬૪૨૩૦ |
| ૨ | નાના ઉધોગો | ૧૦ | ૩૮૦૭ |
| ૩ | મધ્યમ ઉધોગો | ૧ | ૧૯૮ |
| ૪ | કુલ ઉધોગો | ૯૫ | ૬૮૨૩૫ |
| ૫ | કુલ દૈનિક રોજગારી | ૧૨૫૨ | ૩૮૧૦૮૩ |

**સ્ત્રોત : ઉદ્યોગ કેન્દ્રના વર્ષ ૨૦૧૨ -૧૩નો અહેવાલ ,ગુજરાત સરકાર**

ઉપરોક્ત કોષ્ટક ગુજરાત રાજ્યના સંદર્ભ પોરબંદર જિલ્લામાં જોવા મળતા ઉદ્યોગો અંગેની માહિતી આપવામાં આવી છે. ગુજરાત રાજ્યની જેમ પોરબંદર જિલ્લામાં પણ લઘુ ઉદ્યોગ વધુ જોવા મળે છે. ગુજરાત રાજ્યના કુલ લઘુ ઉદ્યોગ માંથી 84 લઘુ ઉદ્યોગો પોરબંદર જિલ્લામાં આવેલા છે. એની સિવાય નાના ઉદ્યોગો 10 મધ્યમ ઉદ્યોગ, મધ્યમ 1 એમ કુલ મળીને પોરબંદર જિલ્લામાં 95 ઉદ્યોગો જોવા મળે છે. અને તેમાં દૈનિક 1252 લોકોને રોજગારી પ્રાપ્ત થાય છે. પોરબંદર જિલ્લાની સ્થિતિ આવી જોવા મળે છે.

**પોરબંદર જિલ્લાનો સાક્ષરતા ક્રમાંક અને સાક્ષરતા દર**

| ક્રમ | વર્ષ | સાક્ષરતા ક્રમાંક | સાક્ષરતા દર |
|---|---|---|---|
| ૧ | ૧૯૯૧ | ૧૧ | ૬૧.૮૫ |
| ૨ | ૨૦૦૧ | ૧૨ | ૬૮.૬૨ |
| 3 | ૨૦૧૧ | ૧૫ | ૭૬.૬૦ |

**સ્ત્રોત :સેન્સસ હેન્ડબુક -૨૦૧૧**

ઉપરોક્ત કોષ્ટકમાં પોરબંદર જિલ્લાનો સાક્ષરતા ક્રમાંક અને સાક્ષરતા દરની માહિતી આપવામાં આવી છે. શિક્ષણએ આજના માનવીની અગત્યની જરૂરિયાત બની ગઈ છે. નોકરી, ધંધા, વ્યવસાય માટે શિક્ષણ ખૂબ જરૂરી છે. ઉપરોક્ત કોષ્ટક પરથી આપણી ખ્યાલ આવે કે પોરબંદર જિલ્લામાં શિક્ષણના પ્રમાણમાં ઉત્તરોતર વધારો થતો જોવા મળે છે. છતાં પણ સાક્ષરતા ક્રમાંક સુધરવાને બદલે નબળો પડે છે. જે અન્ય જિલ્લાઓની સરખામણીમાં પોરબંદર જિલ્લાનો શિક્ષણની બાબતમાં અલ્પ વિકાસ દર્શાવે છે. પોરબંદર જિલ્લામાં વર્ષ ૧૯૯૧માં સાક્ષરતા ક્રમાંક ૧૧ અને સાક્ષરતા દર 61.85% હતો કે વર્ષ ૨૦૦૧માં સાક્ષરતા દર 68.૬૨% થયો પરંતુ ક્રમાંકમાં સુધારો થવાને બદલે તેમાં વધારો થઈને 12 જોવા મળે છે. એના પછી વર્ષ ૨૦૧૧માં પણ સાક્ષરતા દર જો 76.60% જોવા મળે અને સાક્ષરતા ક્રમાંક 15 જોવા મળે છે. પોરબંદર જિલ્લામાં સાક્ષરતાની આવી સ્થિતિ જોવા મળે છે.

## ૮. સંશોધન અભ્યાસના તારણો:

- ગુજરાત રાજ્યના સંદર્ભોમાં પોરબંદર જિલ્લાની કૃષિક્ષેત્રમાં યોગ્ય સ્થિતિ જોવા મળે છે.
- ગુજરાત રાજ્યના સંદર્ભમાં પોરબંદર જિલ્લામાં ઔદ્યોગિક એકમોનું પ્રમાણ ખૂબ જ ઓછું જોવા મળે છે.
- પોરબંદર જિલ્લામાં વર્ષ 2001ની સરખામણીમાં વર્ષ ૨૦૧૧માં સાક્ષરતાના પ્રમાણમાં 7.98%નો વધારો થાય છે.

## ૯. સંશોધન અભ્યાસની મર્યાદાઓ:

- પ્રસ્તુત સંશોધન પોરબંદર જિલ્લા પૂરતો સીમિત છે.
- પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં પોરબંદર જિલ્લાના સમગ્ર આર્થિક પાસાઓનો સમાવેશ કરેલ નથી, પરંતુ મર્યાદિત બાબતોનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

## ૧૦. સંદર્ભ સૂચિ:


- પલાણ એન.  પોરબંદરનો ઇતિહાસ: પ્રવીણ પ્રકાશન પ્રા લિ.
- જિલ્લાનો વાર્ષિક વહીવટી એહવાલ 2011- 12, પોરબંદર.
- આંકડાકીય રૂપરેખા વર્ષ ૨૦૧૨ થી 2017 પોરબંદર.
- વસતિ ગણતરી પુસ્તિકા 2001 ગાંધીનગર.